# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત ' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે.**
2. **કૉમનવેલ્થ ગેમ્સની યજમાની અમદાવાદ અને ગુજરાત માટે વિકાસના નવા દ્વાર ખોલશે, તેમ જણાવતા મુખ્યમંત્રી.**
3. **રાષ્ટ્રીય એકતા માર્ચ દેશના સમૂહ સંકલ્પ અને રાષ્ટ્રીય ગૌરવનું પ્રતિક છે, તેમ જણાવતા કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલ.**
4. **નવી દિલ્હી ખાતે ‘વિઝન ફોર સુજલામ ભારતની બેઠકમાં રાજ્યનું આગવુ ‘વેડંચા મોડેલ’ રજૂ કરાયું.**
5. **IIMમાં પ્રવેશ માટે આજે રાજ્ય સહિત દેશભરમાં કેટ પરીક્ષા યોજાશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 128મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

# GCCI ANNUL MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે આયોજિત **GCCI**ના વાર્ષિક સ્નેહમિલનમાં જણાવ્યું કે, કૉમનવેલ્થ ગેમ્સ- **2030**ની યજમાની અમદાવાદ અને ગુજરાત માટે વિકાસના નવા દ્વાર ખોલશે . આગામી 25 વર્ષમાં **GCCI** રાજ્યના વિકાસને આગળ વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવશે.

તેમણે કહ્યું કે , ગુજરાત વેપાર અને ઉદ્યોગમાં રાષ્ટ્રનું નેતૃત્વ કરવા માટે પ્રતિબદ્ધ છે , અને પ્રધાનમંત્રીના "વિકસિત ભારત @2047"ના વિઝનને સાકાર

કરવામાં ગુજરાત મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે , જેમાં રાજ્ય ચિપ્સના ઉત્પાદનથી લઈને જહાજો (શિપ્સ) સુધી નવી ઊંચાઈઓ સર કરશે.

મુખ્યમંત્રીએ વિકસિત ભારતના નિર્માણમાં **GCCI** સહિત વેપાર ઉદ્યોગોના યોગદાનને મહત્ત્વનું ગણાવતા વિકસિત ભારતના નિર્માણ માટે રાષ્ટ્રને મજબૂત બનાવવા સ્વદેશીનો મંત્ર અપનાવીને સૌને પોતાનું યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

## (બાઈટ – ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે **GCCI** એન્યુલ ટ્રેડ એક્સ્પોની બીજી આવૃત્તિ **GATE-2026**ના લૉગોનું અનાવરણ કરાયું હતું.

---

## SONOWAL

કેન્દ્રીય મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે વડોદરામાં યોજાયેલી રાષ્ટ્રીય એકતા માર્ચમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે બોલતા તેમણે કહ્યું કે "આ માર્ચ દેશના સમૂહ સંકલ્પ અને રાષ્ટ્રીય ગૌરવનું પ્રતિક છે. દેશ આત્મનિર્ભર અને શ્રેષ્ઠ ભારત તરફ દૃઢતાથી આગળ વધી રહ્યો છે."

પદયાત્રાની શરૂઆત અંકલાવ સ્થિત હરે કૃષ્ણ મંદિરેથી થઈ હતી ,જેમાં વિદ્યાર્થીઓ, સાંસ્કૃતિક મંડળો અને વિવિધ સામાજિક સંસ્થાઓ ઉત્સાહભેર ભાગીદાર થઈ હતી. યાત્રામાં યુવાનોની નોંધપાત્ર હાજરી જોવા મળી હતી. ઉદ્ઘાટન કાર્યક્રમમાં "સરદાર ગાથા સાથે ગ્રામસભા , નૃત્ય નાટિકા અને ભજન સંધ્યા જેવી સાંસ્કૃતિક રજૂઆતો યોજાઈ હતી.

---

# MANSUKH MANDVIYA ON SARDAR PADYATRA

સરદાર પટેલની 150મી જન્મજ્યંતિ નિમિત્તે કરમસદથી કેવડિયા સુધી પદયાત્રાનું આયોજન કરાયું છે. જે અંતર્ગત સેવાસીથી વડોદરા પહોંચેલી પદયાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરાયું હતું.

પદયાત્રાના ચોથા દિવસે વડોદરા પહોંચેલી પદયાત્રામાં કેન્દ્રિય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા, કેન્દ્રિય મંત્રી પીયૂષ ગોયલની સાથે યુવાનો જોડાયા હતા. આ પદયાત્રામાં યુવાનો સાથે સંવાદ કરીને ભારતના વિકાસ માટે યુવાનોની ભૂમીકા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ સાથે જ આ પદયાત્રામાં જોડાય કેન્દ્રિય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ આ મુજબ જણાવ્યું હતું.

## બાઈટ- કેન્દ્રિય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા

આ પદયાત્રા આજે સુરત ખાતે પહોંચશે. 260 જેટલા યાત્રાળુઓનું પણ સ્વાગત કરાશે સાથે જ આજે રાત્રે 9 વાગ્યે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાશે. આવતીકાલે 562 રોપાઓનું વૃક્ષારોપણ કર્યા બાદ યાત્રા ભરૂચ ખાતે જવા રવાના થશે.

---

# 'VEDANCHA MODEL'

નવી દિલ્હી ખાતે ‘વિઝન ફોર સુજલામ ભારત- 2025’માં રાજ્યનું આગવુ ‘વેડંચા મોડેલ’ રજૂ કરાયું

**નવી દિલ્હી ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં ‘વિઝન ફોર સુજલામ ભારત- 2025’ વિભાગીય સમિટનું આયોજન કરાયું હતું. આ સમિટમાં પીવાના પાણીની સુરક્ષા ,સ્વચ્છતા,ભૂગર્ભજળ વ્યવસ્થાપન , સિંચાઇ કાર્યક્ષમતા સહિતના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.**

**ગુજરાતના પ્રતિનિધિ બી.એમ.પ્રજાપતિએ સમિટમાં ગ્રે વોટર મેનેજમેન્ટ માટેના રાજ્યના આગવા ‘વેડંચા મોડેલ ’નો રજૂ કરતાં કહ્યું ગુજરાતમાં ૧૭ હજારથી વધુ ગામડાઓ છે ,જ્યાં ગ્રે વોટર મેનેજમેન્ટ માટે રાજ્ય સરકાર દ્વારા માત્ર રૂ. 6.5 લાખના ખર્ચે ‘વેડંચા મોડેલ’ બનાવવામાં આવ્યું છે.**

**આ મોડેલ કુદરતી રીતે જ વેસ્ટ પાણીને શુદ્ધ કરે. આ પાણીનો કૃષિમાં પણ ઉપયોગ કરી શકાય છે તેમજ તેમાંથી ઉત્પન થતાં સ્લરીનાં ઉપયોગથી સેન્દ્રીય ખાતર પણ બનાવી શકાય છે,જે રેવન્યુ પણ જનરેટ કરે છે.**

**વધુમાં,તેમણે ઉમેર્યું હતું કે ,હાલમાં રાજ્યના ૧૫૯ ગામડામાં આ મોડેલને કાર્યરત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.**

---

## SIR – SPECIAL CAMP

રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. અંતર્ગત ચાલી રહેલા વિશેષ કેમ્પનો આ જે છેલ્લો દિવસ છે. રાજ્યભરમાં નક્કી કરેલા સ્થળોએ બાકી રહેલા મતદારોને ગણતરી ફોર્મ ભરવા અને SIR અંગે માર્ગદર્શન પૂરું પાડવા આ વિશેષ કેમ્પનું આયોજન કરાયું છે. નાગરિકો આ જે સવારે 10 થી સાંજે 5 વાગ્યા સુધી નિશ્ચિત કેન્દ્રો ખાતે 2002ની યાદીમાં પોતાનું નામ શોધી શકશે.આ

ઉપરાંત ગણતરી ફોર્મ ભરી શકશે. અમદાવાદના કલેક્ટર સુજીત કુમારે આ વિશેષ કેમ્પનો લાભ લઇ લોકોને સત્વરે ગણતરી ફોર્મ જમા કરાવવા અપીલ કરી છે.

(બાઈટ -- સુજીત કુમાર, અમદાવાદ કલેક્ટર)

---

## CAT EXAM

**દેશની વિવિધ આઈઆઈએમમાં પ્રવેશ માટે આજે ગુજરાતમાંથી અંદાજે 13 હજાર વિદ્યાર્થીઓ સહિત દેશના 2 લાખ 95 હજાર વિદ્યાર્થીઓ કોમન એડમિશન ટેસ્ટ આપશે. આ વર્ષે 10થી 12 ટકા વિદ્યાર્થીઓ ઓછા નોંધાયા છે.**

**આ વર્ષે કેટ પરીક્ષા દેશના 170 શહેરોના 375 કેન્દ્રો પરથી કમ્પ્યુટર આધારિત સિસ્ટમથી લેવામાં આવશે. કુલ ત્રણ સ્લોટમાં આ પરીક્ષા લેવામાં આવશે. કેટ પરિક્ષાના પેપરમાં કુલ 68 પ્રશ્નો રહેશે અને 204 ગુણની આ પરીક્ષા ચાર સેક્શનમાં લેવાશે.**

**ગુજરાતમાં અમદાવાદ , વડોદરા, સુરત, રાજકોટ અને વલસાડ સહિતના શહેરોમાં લેવાનારી પરીક્ષામાં આ વર્ષે ગુજરાતમાંથી અંદાજે 13 હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.**

---

---

# 15TH FINACE COMMISSION'S RECOMMENDATIONS

રાજ્ય સરકારે 15માં નાણાપંચની ભલામણો મુજબ બીજા હપ્તામાં પંચાયતી રાજ સંસ્થાઓના વિકાસકામો માટે 741 કરોડ રૂપિયાથી વધુની ફાળવણી કરી અંગે સાંભળીએ એક અહેવાલ.....

(વોઈસ કાસ્ટ – અજય ઈન્દ્રેકર)

રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં વસતા નાગરીકોને પાયાની આવશ્યક સેવાઓ સતત મળી રહે તે માટે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. પંચાયત મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, 15મા નાણાકિય પંચ હેઠળ વ્યાપક ફાળવણીનો મુખ્ય હેતુ રાજ્યના ગ્રામીણ માળખાને વધુ મજબૂત બનાવાનો અને ગ્રામીણ નાગરિકોના જીવનધોરણમાં સુધારો લાવવાનો છે. આ ફાળવણીના આધારે સમગ્ર રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં 45 હજારથી વધુના વિકાસકામો હાથ ધરવામાં આવશે. આ કામોમાં પીવાના પાણીની સુવિધાઓ, સ્વચ્છતા કાર્યોનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારના આ પગલાંથી ગ્રામ્ય સ્તરે નાણાકીય સશક્તિકરણ વધશે અને વિકાસ કાર્યોને વધુ વેગ મળશે.

અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ,

---

# SPORTS

**મિક્સ ટીમ ટેબલ ટેનિસ વિશ્વ કપ માટેની ભારતીય ટીમમાં રાજ્યના માનવ ઠક્કરનો સમાવેશ કરાયો છે.**

**આ સ્પર્ધા આજથી ચીનના ચેંગડુમાં શરૂ થશે. ભારતીય ટીમમાં ચાર પુરુષ અને ચાર મહિલા સહિત આઠ ખેલાડીનો સમાવેશ કરાયો છે. આ સ્પર્ધામાં 16 દેશોની ટીમો ભાગ લેશે.**

---

# BOTAD – HEALTH CAMP

અખિલ ભારતીય આર્યુવિજ્ઞાન સંસ્થા - AIIMS રાજકોટના સહયોગથી બોટાદના સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે નિઃશુલ્ક આરોગ્ય મહા શિબિર યોજાઇ. જેમાં 13 રોગોના 40થી વધુ નિષ્ણાંત ડોક્ટરો દ્વારા નિઃશુલ્ક નિદાન સારવાર અને

આરોગ્ય તપાસ કરાઇ હતી. ૩ હજાર 500 થી વધુ દર્દીઓએ શિબિરનો લાભ લીધો હતો.આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહેલા રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહ ઝાલાએ આ માહિતી આપી.

---